



## ખેડબ્રહ્મા - પોશીના તાલુકામાં મુસાફરોની મોતની સવારી

ખેડબ્રહ્મા શહેરમાં તેમજ તાલુકામાં પોશીના તાલુકામાં આરટીઓની રહેમ નજરના દ્રશ્યો સામે આવ્યાં છે. કોઈનાં વ્હાલ સોયાનું મોત થયા પછી તંત્ર જાગૃત થાય ઘોડા છૂટી ગયાં પછી તબેલાને તાળું મારવા જેવું થાય તેની રાહ જોઈ રહ્યા છે કે શું ? બનાસકાંઠા જિલ્લાના અંબાજી નજીક ગત દિવસે થયેલા ગંભીર માર્ગ અકસ્માતની શાહી હજુ સુકાઈ નથી. ઉત્તર ગુજરાત સહિત રાજ્ય સરકારમાં ઘેરા શોકની લાગણી બની છે. જેની સામે રાજ્ય સરકારે રોડ સેફ્ટીના નિયમોનું પાલન કરાવવામાં નિષ્ફળ ગયેલા બનાસકાંઠા આરટીઓ અધિકારીને સસ્પેન્ડ કરી દીધા છે. આરટીઓ ઓફીસર ડી.એસ. પટેલની શરૂઆતની કારકીર્દિમાં જ બેદરકારી સામે આવતા વહિવટી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે શું સાબરકાંઠા આરટીઓ ઓફીસર શું આવા ભયંકર અકસ્માત થવાની રાહ જોતા હોય તેમ લાગે છે. તાત્કાલિક ઓપરેશનનાં ધોરણે પગલાં લેવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે.

# મેઘરજની મહિલાઓની પાણી માટે રઝળપાટ

મેઘરજ, તા. ૯

અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર જીલ્લા પ્રભારી સચિવની અધ્યક્ષતામાં પાણીના પોકાર સામે સબ સલામત હોવાના દાવાઓ, ભાજપના નેતાઓએ કાર્યકર્તાઓ સાથે બેઠક કરી અને કોંગ્રેસના અમિત ચાવડાએ પાણીની તંગીથી પીડાતા અંતરિયાળ વિસ્તારોની રાજકીય મુલાકાતો કરી હતી. વહીવટીતંત્ર અને ભાજપ-કોંગ્રેસના નેતાઓ પાણીની સમસ્યા નિવારવાના બદલે પાણીમાં બેસી જતા પાણીની પોળોજણ વચ્ચે નેતાઓના નાટક અને તંત્રના તાયફા વચ્ચે પ્રજાજનો હાડમારી ભોગવી રહ્યા છે.

મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકો વહેલી સવારથી બપોરના આકરા તડકામાં પાણીના એક એક બેડાં માટે ૨ થી ૩ કિલોમીટર સુધી ભટકવું પડી રહ્યું છે. વહીવટીતંત્રના અધિકારીઓ અને પ્રજાજનોના હામી હોવાના



દાવા કરતા રાજકીય પક્ષોના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ અંતરિયાળ વિસ્તારોમાં પાણી માટે ભટકતી મહિલાઓ અને બાળકો સાથે લટાર મારે તો કદાચ તેમને સમજાશે પાણીના એક બેડાં માટે કેટલો જુગાડ કરવો પડી રહ્યો છે. પાણી બચાવવાની વાતો અને મોટી મોટી જાહેરાતોના તાયફા બંધ કરી પ્રજાજનોની વેદના સમજવી પડશે. ઢૂંઢેરા અને પંચાલ ગામના પ્રજાજનોએ પત્રકારો સામે વેદના ઠાલવતા જણાવ્યું હતું કે પાણી ના લઈ શકતા હોય તો પાણી તો ભરી આપોનો વ્યંગાત્મક ટોણો માર્યો હતો.

મેઘરજના મોટા ભાગના અંતરિયાળ વિસ્તારોમાં ૪૪ ડિગ્રી તાપમાનમાં એક બેડાં પાણી માટે રઝળપાટ કરી રહી છે થોડે ગણે અંશે પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્ર સફળ રહ્યું છે ત્યાં પણ આંતરિક ખામીના લીધે કે ભ્રષ્ટાચારમાં પાણીની પાઈપલાઈનો તૂટી જતા અને પાણીની પાઈપલાઈન નાખવાની બાકી રહેતા પ્રજાજનો ટીપું પાણી માટે વલખા મારી રહ્યા છે. પાણીના સ્ત્રોત હોય તે વિસ્તારોમાં પાણી ભરવા મહિલાઓ વહેલી સવારથી તમામ કામકાજ પડતા મૂકી પરિવારના બાળકો સાથે પાણી ભરવા દોડાદોડ કરતી નજરે ચઢે રહી છે. પશુપાલન સાથે સંકળાયેલા લોકો તો પાણીના અભાવે સસ્તા ભાવે ઢોર ઢાંખર વેચવા મજબુર બન્યા છે. ગતિશીલ ગુજરાતની જાહેરાતોના બણગા ફૂંકાતા ભાજપ સરકારના તમામ દાવાઓ પોકળ સાબિત થતા અંતરિયાળ વિસ્તારોમાં પાણી વગર ટળવળતા પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

## ધી સાબરકાંઠા બેંક સ્ટાફ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીની ૫૮ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આવેલી સાબરકાંઠા બેંકની ૧૩૦ જેટલી શાખાઓની કર્મચારીઓની ધી સાબરકાંઠા બેન્ક સ્ટાફ કો.ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી હિંમતનગરની ૫૮ની વાર્ષિક સાધારણ સભા સ્વામિનારાયણ મંદિર કાંકરોલ ખાતે યોજાઈ. જેમાં સભાના પ્રમુખ અને બેંકના ચીફ એક્ઝિક્યુટિવ એચ.પી. નાયકે કર્મચારીઓને સંબોધતા જણાવેલ કે તમે બધા આપણી બેંકની અનેક યોજનાઓ વધુમાં વધુ ગ્રાહકો સુધી પહોંચાડી બેંકના વિકાસમાં સહભાગી થવા જણાવેલ જેથી બેંકિંગ ક્ષેત્રમાં આપણે વધુ પ્રગતિના સોપાનો સર કરી શકીએ. બેંકના સૌ કર્મચારીઓને હું અભિનંદન પાઠવું છું. સ્વર્ગસ્થ અમીચંદકાકા અને બેન્કના ચેરમેન મહેશભાઈએ કર્મચારીઓ માટે સારા પગલાં ભર્યા છે. તેમના માર્ગદર્શનથી જે રીતે બેંકને રાજ્યની બેંકોમાં આપણી બેંક શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે તેની પણ આપણે નોંધ લેવી જોઈએ. આ પ્રસંગે મંડળીના નિવૃત્ત સભાસદનું બહુમાન કરવામાં આવેલ. બેંકના કર્મચારીઓને ફાયરસેફટી વિશે એવરનેસ આવે તેનું માર્ગદર્શન-ડેમોસ્ટ્રેશન ફાયર એન્ડ સિક્યુરિટી એસોસિએશન ઓફ ઈન્ડિયાના સભ્યો દ્વારા આપવામાં આવેલ.

## પ્રાંતિજના તાજપુરકૂઈ બોરીયા રોડ પર અજાણ્યા વાહનની ટક્કરથી બાઈકસવારનુ મોત

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુરકૂઈ બોરીયા રોડ ઉપર અજાણ્યા વાહનની ટક્કરથી બાઈકસવારનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત થયુ છે અને અન્ય એકને ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાંતિજના તાજપુરકૂઈ બોરીયા રોડ ઉપર બપોરના સમયે બોભા મામાના ઘરેથી બાઈક ઉપર પુનાદરા તરફ જતા હતા તે સમયે દહેગામના રખીયાલના સામેત્રીના યુવકને કોઈ અજાણ્યા વાહનચાલકે સામેથી આવી જોરદાર ટક્કર મારી બાઈક નંબર જીજે.૧૮.સીએચ. ૧૧૦૫ ઉપર જઈ રહેલ વિક્રમસિહ પ્રતાપસિંહ પરમાર ઉ.વર્ષ-૨૧ રહે



રખીયાલ સામેત્રીનાને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેવોનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલ નરેન્દ્રસિંહ પુજસિંહ ઝાલા ઉ.વર્ષ-૨૦ રહે. સામેત્રીનાઓને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોચતા ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જીને કારચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. અકસ્માત અંગેની જાણ આજુબાજુમાં થતા લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતાં પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે આવી મૃતક યુવકને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમઅર્થે ખસેડવામાં આવ્યો હતો અને આગળની તપાસ હાથ ધરી છે.

## ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર અખાદ્ય જ્યુસની હાટડીઓ ધમધમી, પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા

ભિલોડા,તા.૯

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં



ઠેર-ઠેર અખાદ્ય જ્યુસની હાટડીઓ ધમધમે છે. પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા હોઈ પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોઈ તેમ લોકમુખે ચર્ચાય છે.

ફળોના રાજા ગણાતી કેરીઓની માંગમાં ધરખમ વધારો થઈ ગયો હોવાના કારણે વેપારીઓ વધુ નફો મેળવવા કાર્બાઈડથી પકવેલી કેરીઓનું ધુમ વેચાણ કરી રહ્યા છે. અખાદ્ય કેરી અથવા કેરીનો જ્યુસ પીવાથી પ્રજાજનોના આરોગ્ય ઉપર માઠી અસરો વર્તાય છે. બજારોમાં ઠેર-ઠેર હાલના તબક્કે પાકી કેરીઓ ઓછી જોવા મળે છે જ્યારે કાર્બાઈડથી પકવેલી કેરીઓનું મબલક વેચાણ થઈ રહ્યું છે.

અસહ્ય કાળઝાળ ગરમીમાં પ્રજાજનો કેરી સહિત વિવિધ પ્રકારના જ્યુસ હોંશે-હોંશે આરોગતા હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અખાદ્ય કેરીના કારણે પ્રજાજનોના આરોગ્ય ઉપર વિપરીત અસરો લાંબા ગાળે વર્તાય છે. કાર્બાઈડથી પકવેલી કેરીઓનું ઠેર-ઠેર મબલક વેચાણ થઈ રહ્યું છે.મોટાભાગના જ્યુસ સેન્ટરની હાટડીઓ તો મંજુરી વગર ઠેર-ઠેર ધમધમતી હોય છે ત્યારે વહીવટી તંત્ર ધ્વારા યોગ્ય ન્યાયિક કાર્યવાહી હાથ ધરાઈ તેવી લોકમાંગણી છે.

મલાઈદાર હપ્તા ખાતા ભ્રષ્ટાચારી આરોગ્ય વિભાગ અને ફુડ વિભાગના અધિકારીઓની લાપરવાહીના કારણે પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા છે પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓની અમીદ્દષ્ટી હેઠળ મંજુરી વગર જ્યુસ સેન્ટરો ઠેર-ઠેર ધમધમી રહ્યા છે.અખાદ્ય કેરીઓ, અખાદ્ય કેરીઓનો જ્યુસ અને અખાદ્ય કેરીના રસનું મોટા પાયે બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે.


જ્યુસ સેન્ટરોના વેપારીઓ વધુ નફો કમાઈ લેવા માટે અખાદ્ય કેરીના જ્યુસમાં કેસરી કલરની એસેન્સવાળી ચાસણી, કચરાવાળો બરફ, કેમીકલથી પકવેલી કેરીઓનું મિશ્રણ બનાવી જ્યુસ તૈયાર કરવામાં આવતો હોય છે.અસહ્ય કાળઝાળ ગરમીમાં શેકાતા પ્રજાજનો હોંશે-હોંશે જ્યુસ પીતા હોય છે.

વહીવટી તંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે બજારોમાં અખાદ્ય કેરીઓ અને કાર્બાઈડથી પકવેલી કેરીઓ,જ્યુસ બનાવવા માટે વપરાતી અખાદ્ય કેરીઓ સંદર્ભે ન્યાયિક કાર્યવાહી હાથ ધરાશે ત્યારે અખાદ્ય કેરીઓ વેચતા બે નંબરીયા વેપારીઓ ઝડપાશે તો દંડનીય કાર્યવાહી કરી કેરીઓનો નાશ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## શાકભાજીના ભાવમાં ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું

ભિલોડા,તા.૯

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શાકભાજીના ભાવ આસમાને આવતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે. શાકભાજીના ભાવોમાં ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓને પરસેવો છોડાવી દીધો હોવાનું જાગૃત મહિલાઓએ જણાવ્યું હતું. શાકભાજીના ભાવોમાં ધરખમ ભાવ વધારો આવતા શાકભાજીના ભાવમાં ઉછાળો આવેલ છે. શાકભાજીના પાકમાં ઉતારો ઓછો આવતો હોવાના કારણે શાકભાજીના ભાવોમાં ધરખમ તેજી જોવા મળેલ હોવાનું વેપારીઓ ધ્વારા જાણવા મળેલ છે. શાકભાજીના ભાવોમાં જંગી ઉછાળો આવતા આ તેજીના ભાવો શાકભાજી પકવતા ખેડુતો માટે નથી ? હોલસેલ તેમજ રીટેલ વેપારીઓ માટે કૃત્રિમ તેજીના ભાવ શાકભાજી માર્કેટમાં ગ્રૃહિણીઓને સાંભળવા મળતા હોય છે.કાળઝાળ અસહ્ય મોંઘવારીના જમાનામાં ગરીબ અને મધ્યમ વર્ગના પ્રજાજાનોને શું ખાવું અને શું ના ખાવું તેવી સમસ્યા સર્જાઈ છે. શાકભાજીના ભાવ ભડકે બળતા હોવાના કારણે ગરીબ વર્ગ આર્થિક



મેશ્કેલીમાં મુકાયો છે.ગરીબ મજુરીયાત વર્ગના લોકો દિવસ-રાત કાળી મજુરી કરી માંડ-માંડ પેટીયું રળતા હોય છે. શાકભાજીના ભાવમાં ધરખમ ભાવવધારો આવતા મધ્યમ વર્ગના પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા છે. શાકભાજી માર્કેટમાં લારીઓ ઉપર ગૃહિણીઓ રીતસરના આટાં-ફેરા મારી ભાવ બાબતે રકઝક કરતી હોય છે. ગરીબ અને મધ્યમ વર્ગની ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે.ઓછી આવકમાં ઘર ચલાવતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની હાલત દયનીય છે.

અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા શાકભાજી તેમજ ફ્રુટના ઉંચામાં ઉંચા ભાવો ગ્રાહકો પાસેથી વસુલતા હોવાનું જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું. ખાદ્ય ચીજવસ્તુઓનો પુરવઠો ઓછા આવતો હોય ત્યારે ગ્રાહકોની માંગનું પ્રમાણ એકસરખુ રહેવાથી શાકભાજી તેમજ ફ્રુટના ભાવોમાં એકા-એક કૃત્રીમ ઉછાળો આવ્યો હશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા ટાઉન મીની પોલીસ ચોકી,મઉં ચાર રસ્તા પાસે શાકભાજી માર્કેટ આવેલ છે.શાકભાજી માર્કેટમાં અંદાજીત શાકભાજી વેચતા અમુક બે નંબરીયા વેપારીઓના વજન કાંટા સાચા છે કે ખોટા તે પ્રશ્ન સતત ગૃહિણીઓને સતાવતો હોય છે. અમુક શાકભાજી વેચતા વેપારીઓ એવા છે કે પથ્થરના બાટ બનાવી ધોળા દિવસે બિન્દાસ્ત વેપાર કરતા હોય છે ત્યારે શું વજનમાં ગેરરીતી કરતા હશે તેમ લોકમુખે પણ ચર્ચાય છે. લાગતા-વળગતા વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી હાથ ધરવા ગૃહિણીઓની પ્રબળ લોકમાંગણી છે.

## મોડાસા રાજેન્દ્રનગર આર્ટસ કોલેજમાં અડસઠ-બારીશ પ્રણામી સમાજના તેજસ્વી તારલાનો સન્માન સમારોહ

મોડાસા, તા. ૮

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં મોટી સંખ્યામાં પ્રણામી




સંપ્રદાયના અનુયાયીઓ વસવાટ કરી રહ્યા છે.

અડસઠ-બારીશ પ્રણામી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (સૂચિત) અને સુખસાગર ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રાજેન્દ્રનગર આર્ટસ કોલેજ હોલમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિવિધ પ્રવાહમાં ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તથા શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં સમાજના તજજ્ઞો દ્વારા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રણામી સમાજના અગ્રણી દુર્ગેશભાઈ પ્રણામી, રમેશભાઈ ચાવડા, પ્રવીણભાઈ પ્રણામી, ડૉ.ધર્મેન્દ્ર ધનુલા, જીતેન્દ્રભાઈ અમીન, ગણપતભાઈ પરમાર, પ્રવીણભાઈ રાજ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશ ટીંટીસરા, મંત્રી દિનેશ પરમાર, ઉપપ્રમુખ મનોજ પાટીલ, ખજાનચી અરવિંદ સુતરીયા અને કારોબારી સભ્યોએ કર્યું હતું.

### શામળાજીના વાંદીયોલ ગામેથી પસાર થતી

## મેશ્વો નદી પર પુલ બનાવવા આઠ ગામના પ્રજાજનો ભગવાન શરણે

શામળાજી, તા. ૯

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારો આઝાદીના ૭૨ વર્ષ પછી પણ વિકાસથી જોજનો દૂર છે. મોટાભાગના આદિવાસી બહુમતી ધરાવતા ગ્રામ્ય વિસ્તારો



હજુ પણ પ્રાથમિક સુવિધાથી વંચિત છે. શામળાજી નજીક આવેલા વાંદીયોલ ગામ નજીકથી પસાર થતી મેશ્વો નદી પર પુલ બનાવવાની વર્ષો જૂની રજુઆત ન સંતોષાતા જવાબદાર તંત્રને જગાડવા વાંદીયોલ અને આજુબાજુના ૮ ગામના લોકોએ મેશ્વો નદીના પટમાં યજ્ઞ કરી રામધૂન બોલાવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

મેશ્વો નદીના પટમાં રામધૂન બોલાવવા બેઠેલા ગ્રામજનોએ જણાવ્યું હતું કે જવાબદાર તંત્ર અને નેતાઓ સામે અનેકવાર રજુઆત કરવા છતાં મેશ્વો નદી પર પુલ બનાવની માંગણી સામે આંખ આડા કાન કરતા આખરે ભગવાનનું શરણ લેવાની ફરજ પડી હતી.

ચોમાસુ નજીક છે દરવર્ષે મેશ્વો નદીમાં પાણી આવી જતા ૧ હજારથી વધુ લોકો મુસીબતમાં મુકાય છે. આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પશુપાલકોના જણાવ્યા અનુસાર મેશ્વો નદીના કિનારે વાદીયોલ ગામ આવેલું છે. વાદીયોલ ગ્રામપંચાયત વિસ્તારમાં મેશ્વો નદીને પેલે પાર ૮ ગામ આવેલા છે. આ તમામ ગામોનો મુખ્ય વ્યવહાર વાદીયોલ ગામ સાથે છે. આસપાસના ગ્રામજનોને દુધડેરી સેવામાંડળી ગ્રામપંચાયત આંગણવાડી અનાજ કરીયાનું શાળા આ તમામ વ્યવહાર વાદીયોલ ગામમાં છે. દર ચોમાસામાં મેશ્વો નદીમાં પાણી આવવાથી નદી પારના ૮ ગામના એક હજારથી પંદરસો લોકોનો સંપર્ક કપાઈ જાય છે. ચોમાસામાં પશુપાલકોને દૂધ પડી રહે છે, વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત રહે છે, તમામ વ્યવહાર ખોરવાઈ જાય છે, ચોમાસા દરમિયાન તમામ ગ્રામજનો વિદ્યાર્થીઓ મહિલાઓને ૧૦ કિલોમીટર ફરીને જવું પડે છે.